

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# ઝાલાવાડ રોહિદાસ વંશી
# બ્યાંસી ગામ સમાજ સુધારક સંસ્થા



સંત શિરોમણી શ્રી રોહિદાસ મહારાજ

## ધારા-ધોરણ સમાજને અર્પણ

સંવત ૨૦૬૧ને રવિવાર તા. ૧૩-૩-૨૦૦૫

અમરસિંહભાઈ સિંધવ

## ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થાનાં જ્ઞાતિબંધુઓ જોગ

આપણા ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થાનાં સામાજિક પ્રસંગોએ જે તે સમય અને સંજોગો ધ્યાનમાં લઈ ઘણા વર્ષો પહેલાં ઘડેલ, તેમાં પણ સામાજિક પરિસ્થિતિ અને સંજોગો બદલાતા ફરીથી જરૂરી સુધારા-વધારા કરી તા. ૨૯-૧-૧૯૭૬ના રોજ બંધારણ મંજુર કરેલ હતું.

આ છેલ્લે તા. ૨૯-૧-૧૯૭૬ના રોજ મંજુર કરવામાં આવેલ બંધારણને પણ આજે ૩૦ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો છે. આ લાંબા સમયગાળા દરમ્યાન સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું છે. હાલના સંજોગો અને દિન-પ્રતિદિન બદલાતી જતી પરિસ્થિતિ અને કપરી મોંઘવારીના સંજોગો અને ભવિષ્યનો વિચાર કરતાં તેમજ આપણા સમાજની આર્થિક પરિસ્થિતિ અંગે વિચારણા કરતાં આ પ્રવર્તમાન બંધારણમાં પણ આપણી સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પ્રગતિ તેમજ સંગઠન માટે જરૂરી સુદારા-વધારા કરવાનું આવશ્યક માલુમ પડે છે.

પ્રવર્તમાન બંધારણમાં જરૂરી સુધારા-વધારા કરી નવેસરથી બંધારણ ઘડવા અંગે આપણા ઝાલાવાડ ૮૨ ગામ પરગણાનાં અમદાવાદમાં વસવાટ કરતાં આગેવાનોએ પ્રાથમિક ચર્ચા વિચારણા કરી ભારે જહેમત ઉઠાવી, ઝાલાવાડ પરગણાના અમદાવાદમાં વસવાટ કરતા ૪૪ ગામોના જ્ઞાતિબંધુઓના વિચારો જાણવા માટે એક મીટીંગ તા. ૨૩-૧-૦૫ના રોજ બોલાવી હતી. જેમાં આશરે ૫૦૦ જ્ઞાતિબંધુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને શક્તિ મુજબ સૌએ ઉમળકાભેર સારી એવી રકમનો ફાળો સમાજને અર્પણ કર્યો હતો. અને બંધારણની વાતને સર્વાનુમતે ટેકો જાહેર કર્યો હતો.

આ મીટીંગમાં અમદાવાદ શહેર વિસ્તારના ૬૫ સભ્યોની એક જનરલ કમીટીની રચના કરવામાં આવી હતી. તેમાંથી ૨૫ સભ્યોની એક કારોબારી કમીટીની પણ સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. આ કમીટીએ અમદાવાદ શહેર વિસ્તારના જ્ઞાતિ સમાજનું સંગઠન અને નાના મોટા કામો તન, મન અને ધનથી પ્રમાણિકપણે તટસ્થાપૂર્વક સમાધાનકારી ઉકેલની દિશામાં કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ તેમજ આ કમીટીએ અમદાવાદ શહેર વિસ્તારના કામો માટે એક "માસ્તર" અને એક "ખજાનચી"ની પણ સર્વાનુમતે નિમણૂંક કરેલ છે.

બંધારણ સુધારા અર્થે અમદાવાદની કારોબારીની કમીટીએ આપણુ મુખ્ય મથક પ્રાંગધ્રા પંચ તેમજ હળવદ, સીતાપુર અને કોંઢ ગામના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરતાં બંધારણમાં સુધારાની વાતને આવકારી સર્વાનુમતે ટેકો જાહેર કરેલ જેથી તા. ૧૩-૩-૦૫ના રોજ પ્રાંગધ્રા મુકામે આંબેડકરનગર ખાતે સમસ્ત નાત સમાજ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ તે મુજબ પરગણાના દરેક ગામેથી સારી એવી સંખ્યામાં એટલે આશરે ૩૦૦૦ થી વધુ જ્ઞાતિબંધુઓએ હાજરી આપેલ.

પ્રાંગધ્રા પંચે નાત સમાજનું ખૂબ ધામધૂમપૂર્વક સામૈયુ કરેલું જેમાં ૧૨૫ કુંવારીકા દિકરીઓએ માથે બેડાં લઈ નાત સમાજનું સ્વાગત કરેલું. બેઠક મંડપ વ્યવસ્થા પણ ખૂબ સુંદર અને પુરતી કરવામાં આવેલી તેમજ આખા આંબેડકરનગરમાં ઘેરઘેર તોરણ બાંધી નાત સમાજનું સન્માન કરવામાં આવેલ અને રહેવા-જમવા ચા-પાણીની પણ સારી વ્યવસ્થા કરેલ. સ્વયંસેવકભાઈઓએ પણ સતત રાત-દિવસ ખડે પગે હાજર રહી નાત સમાજની સેવા બજાવતા હતાં. જે નોંધપાત્ર હકીકત છે.

આમ એકંદરે પ્રાંગધ્રાના પંચ આગેવાનોએ નાતને ખૂબ ઉમળકાભેર આવકારી સ્વાગત કરેલ. તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ અને આભાર.

આ નાત સમાજ સંમેલનમાં હાજર રહેલા ૩૦૦૦ થી વધુ જ્ઞાતિબંધુઓ પૈકી ૧૯૫ જુના અને અનુભવી જ્ઞાતિઓની એક બંધારણ કમીટીની રચના કરવામાં આવેલ. આ કમીટીએ હાલની આપણી સામાજિક આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિ તેમજ દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારી અને ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા આપણા જ્ઞાતિબંધુઓ વગેરે દરેક પાસા ધ્યાનમાં રાખી ખૂબ ચર્ચા વિચારણા કરી આ બંધારણ તૈયાર કરી આજ તા. ૧૪-૩-૦૫ના રોજ સમસ્ત નાત સમક્ષ મુદ્દાવાર દરેક ઠરાવ કલમ વાંચી સંભળાવવામાં આવેલ જે સમસ્ત નાત-સમાજે સર્વાનુમતે મંજુર કરેલ છે. તે સમાજને અર્પણ કરવામાં આવેલ છે.

આ બંધારણનું પાલન કરવાની અને કરાવવાની આપણી સૌ જ્ઞાતિબંધુઓની નૈતિક ફરજ છે.

લી.
ઝાલાવાડ રોહિદાસ વંશી
બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થા

સ્થળ
પ્રાંગધ્રા
તા. ૧૪-૩-૦૫



# ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થાનું બંધારણ

## ''નાત ભગવાનની જય''

સંવત ૨૦૬૧ના ફાગણ સુદ-૩ને રવિવાર તા. ૧૩-૩-૦૫ના રોજ ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થા સમસ્ત નાત પ્રાંગધ્રા મુકામે આંબેડકરનગર ખાતે મળી. આ પ્રસંગે આપણા સામાજિક રીત-રિવાજો, દિકરા-દિકરીના સગપણ, લગ્ન, સીમંત તથા કારજ અને બીજા સામાજિક પ્રસંગોએ પાળવાના નીતિ નિયમો અંગે બંધારણ કમીટી ઘડેલ નીચે મુજબના ધારા-ધોરણ ઠરાવો સંવત ૨૦૬૧ના ફાગણ સુદ-૪ સોમવાર તા. ૧૪-૩-૦૫ના રોજ સમસ્ત નાતે સર્વાનુમતે મંજુર કરવા ઠરાવેલ છે.

## અમલ :

આ બંધારણના ધારા ધોરણનો અમલ તા. ૧૪-૩-૦૫ થી કરવાનો રહેશે. તેનું પાલન કરવા દરેક જ્ઞાતિબંધુ બંધાયેલા છે. જો કોઈપણ જ્ઞાતિબંધુ બંધઆરણની કોઈપણ કલમનો ભંગ કરશે તો તે નાત ભગવાનનો ગુનેગાર થશે. તે મુજબ દરેક જ્ઞાતિબંધુઓએ સમૂહમાં નાતની દેવીનાં સોગંદ લઈને આ ધારા-ધોરણનો અમલ કરવાની અને કરાવવાની ખાત્રી આપેલ છે.

આ બંધારણના નીતિ-નિયમોનું પાલન કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગામના પંચ અને કમીટી મેમ્બરે દેખરેખ અને નિયંત્રણ રાખી આગળની કાર્યવાહી કરવાની રહેશે. વર્ષના અંતે દંડ-ફાળાની રકમ પ્રાંગધ્રા મુકામે વાર્ષિક મીટીંગમાં કેસવાર જમા કરાવવાની રહેશે.

અમદાવાદ શહેર વિસ્તારમાં જે તે વિસ્તારના કમીટી મેમ્બર અને પંચે દેખરેખ અને નિયંત્રણ રાખી આગળની કાર્યવાહી કરવાની રહેશે. અને દંડ-ફાળાની રકમ અમદાવાદ ખાતે ખજાનચી પાસે જમા કરાવવાની રહેશે.

## કાર્યક્ષેત્ર

આ બંધારણ ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ સમાજ સુધારક સંસ્થામાં

સમાવિષ્ટ થતાં દરેક ગામને લાગુ પડશે. નવા ગામ કે પરા થયા હોય તેને પણ લાગુ પડશે. તેમજ પરગણાના મુળ રહેવાસી વતની હોય અને બીજા કોઈ ગામ કે શહેરમાં રહેતા હોય તેઓને પણ લાગુ પડશે. તેઓ સૌ પાલન કરવા માટે બંધાયેલા છે.

## કલમ - ઠરાવો ૧ થી ૨૪

ઉપરોક્ત ધારા ધોરણના બધા જ ઠરાવો સમસ્ત નાત સમાજ સર્વાનુમતે મંજૂર કરેલ છે. અને સમાજને અર્પણ કરેલ છે.

લિ. ઝાલાવાડ રોહિદાસ વંશી બ્યાંસીગામ
સમાજ સંસ્થા ના આદેશથી

અમલ કરવા સારું રવાના કરવામાં આવે છે

"નાત ભગવાનની જય"

"શ્રી સંત શિરોમણી રોહિદાસ મહારાજનો જય"

"ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જય"

## ઝાલાવાડ રોહિદાસવંશી (૮૨ ગામ) સમાજ પરગણાનાં જ્ઞાતિ બંધુ,

વ્હાલા જ્ઞાતિ બંધુઓ આપણી જ્ઞાતિનું આ બંધારણ આપણે દરેક ગામના આગેવાનોએ મળીને પ્રાંગધ્રા મુકામે ડૉ. આંબેડકરનગરમાં બંધારણ કમીટી રચી, તે કમીટીએ ચર્ચા-વિચારણા કરીને તા. ૧૩-૩-૦૫ના રોજ આગેવાનોએ સર્વાનુમતે બંધારણ રજૂ કર્યું. જેને તા. ૧૪-૩-૦૫ના રોજ જનરલ સભામાં સર્વાનુમતે મંજૂર કર્યુ છે. તેનું પાલન કરવું તે આપણાં સૌ જ્ઞાતિ બંધુઓની નૈતિક ફરજ બને છે.

આપ સૌ જાણો છો કે આ જમાનો પ્રગતિનો છે. સૌ કોઈ જ્ઞાતિજનો પોતાની જ્ઞાતિના લાભાર્થે બંધારણો બાંધી સંગઠનો સાધી રહ્યા છે. આવા પ્રગતિશીલ યુગમાં આપણે ક્યાં સુધી ઉંઘીશું ? અને તે પણ આપણે સૌને પાલવશે ખરૂ ? જે સમાજ સમયને અનુકૂળ નહી થાય તે સમાજની ઉન્નતિ પણ અશક્ય છે.



આપણે વર્તમાન સમયને અનુસરીને હાલની કારમી મોંઘવારીમાં આવકોની બાબત તથા હાલમાં ચીલાચાલુ પરિસ્થિતિ બાબતે દરેક વ્યક્તિને ધ્યાનમાં રાખીને બંધારણ કમીટીએ જરૂરી ચર્ચા-વિચારણાઓ કરી કેટલાંક બંધારણીય સુધારાઓ કરી નાત સમક્ષ જનરલ સભામાં મંજુર કરાવ્યાં છે. જે સમગ્ર સમાજને લક્ષમાં રાખીને જ કર્યા છે.

સમાજની સુધારણા સાથે સાથે કેળવણી તેમજ વિકાસ એટલું જ આવશ્યક અંગ છે. કેળવણી વગર આપણા સમાજની ઉન્નતિ નહિ થાય; તે વાત ચોક્કસ પણે નક્કી છે અને એટલાં માટે કેળવણી, વિકાસ તેમજ સામાજીક કલ્યાણના કાર્યો માટે એક ફંડની ખાસ જરૂરિયાત છે. તે અંગે આપણા આગેવાનોએ ચર્ચા-વિચારણા કરી નાણાંની વ્યવસ્થા કરવા લગ્ન, ઘરઘણા તેમજ બારમાં જેવા પ્રસંગોએ નાતનો ફાળો લેવા જેવું શુભ પગલું ભર્યું છે, જે ખરેખર આવકારદાયી છે. આ ફંડમાંથી આપણી ભવિષ્યની પ્રજાના કલ્યાણ-સુધારા માટે યોગ્ય પુરવાર થાય તે હેતુ ધ્યાનમાં રાખી આ જોગવાઈ કરી છે.

# "ઝાલાવાડ રોહિદાસવંશી સમાજ (૮૨ ગામ) પરગણા" ના

## ધારા-ધોરણ ઠરાવ :

### કલમ નં. -૧ "સગપણનો ઠરાવ"

સગપણ કરવામાં પાંચ વ્યક્તિઓએ જવાનું છે. આ અંગે નાત વહેવારે રૂા. ૨૫/- ભરવા તેમજ ૧ (એક) શ્રીફળ તથા ૧ રૂા. આપી સગપણ જાહેર કરવું. સગાઈમાં રૂા. ૧૦૧/- (એકસો એક રૂપિયા) કન્યાને ચુંદડી પેટે આપવા. આ પ્રસંગે જમણવારમાં રોટલી-ચોખા તથા શાકભાજીનુ શાક સાથે એક ટંક જમણ આપવું. આ પ્રસંગે બ્રાહ્મણને રૂા. ૨૫/- અને અન્ય સાધુ બ્રાહ્મણને રૂા. ૫/- તથા ઢોલીને રૂા. ૨૧/- આપવાનું ઠરાવેલ છે. હારડા પ્રથા બંધ કરેલ છે.

આ કલમનો ભંગ કરનારે રૂા. ૧૦૧/- નાતના ફાળામાં દંડ પેટે આપવાનો રહેશે.

### કલમ નં. ૨ : "વિવાહનો ઠરાવ"

નાત ધારા-ધોરણ મુજબ વિવાહનો ધારો (દેશ) પેટે રૂા. ૧૩,૧૦૧/- (અંકે રૂપિયા તેર હજાર એકસો એક પુરા), તેમજ બે દાગીના આપવા. દાગીનામાં છ આનાની સોનાની

બુટ્ટી તેમજ ૨૦ ભારના ચાંદીના જેર વર-પક્ષે આપવાના રહેશે. આમા ફક્ત બ્રાહ્મણ સાધુ સિવાય મળવાનો તથા અન્ય ભાઈઓ કે સગાંનો વહેવાર કરવો નહિ.

આ કલમનો ભંગ કરનારને રૂા. ૧૫૧/- દંડ લેવામાં આવશે જે નાતના ફાળામાં જમા કરવામાં આવશે.

## કલમ નં. -૩ '' લગ્નનાં ચાંદલાનો ઠરાવ

લગ્નના ચાંદલાના પ્રસંગે સાત વ્યક્તિઓએ જવું સાથે એક ટંક શાકભાજીનું શાક, રોટલી, ચોખા જમણ આપવું. લગ્નનાં ચાંદલા કરતી વખતે હટાણા પેટે રૂા. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પૂરા આપવા. તેમજ બે દાગીના જેમાં છ આનાની સોનાની બુટીયા તથા ૨૦ તોલા ચાંદીના જેર દિકરીના મા-બાપને આપવા. લગ્નના ચાંદલા વખતે બ્રાહ્મણને મહેમાન પાસેથી રૂા. ૪૦/- ચાલીસ પુરા તથા ઘરધણી પાસેથી રૂા. ૧૧/- અગિયાર પુરા એમ કુલ રૂા. ૫૧/- (એકાવન રૂપિયા) આપવા. તથા અન્ય બ્રાહ્મણ તથા સાધુ હાજર હોય તો દરેક ને રૂા. ૫/- આપવા. ઢોલીને રૂા. ૨૧/- આપવા.

ગોળ-પતાસા વહેંચવાની છુટ આપવામાં આવે છે. કુટુંબની દિકરી-ભાણેજ હોય તો જમવા બોલાવવી, પરંતુ કોઈપણ જાતનો વહેવાર કરવો નહિ.

આ કલમનો ભંગ કરનારે રૂા. ૨૫૧/- નાતના ફાળામાં દંડ પેટે આપવાનાં રહેશે.

## કલન નં.-૪ ''ગણેશ સ્થાપના''

ગણેશ માંડતી વખતે મહારાજને રૂા. ૨૫/- (પચ્ચીસ રૂપિયા) આપવા, કન્યા તથા મુરતીયાને સાદી પુજા અથવા પાકી પુજા હોય તો બ્રાહ્મણને તે વિધિ કરવાની છૂટ છે. તેમજ વિધિ કરવા પેટે રૂા. ૫૧/- (એકાવન રૂપિયા) બ્રાહ્મણને આપવાં.

## કલન નં.-૫ ''જાનનો ઠરાવ''

નાતના ધારા મુજબ જાનમાં વરરાજા સાથે ૮૧ (એક્યાસી) જાનૈયાઓ લઈ જવા. જાનમાં જાનડીયું લઈ જવાની પ્રથા બંધ કરેલ છે. જો જાનમાં ૮૧ જાનૈયા કરતા વધારે જણાય તો વર-પક્ષ તરફથી રૂા. ૫૦૧/- દંડ પેટે લેવામાં આવશે. જે નાતના ફાળામાં જમા કરાવવાનાં રહેશે. આ બાબતની જવાબદારી જે તે ગામ તથા વિસ્તારના મેમ્બર અને પંચના આગેવાનોની રહેશે. નાતની પોટલીમાંથી રૂા. ૧૦૧/- લેવા તેમાંથી નીચે



મુજબ વહેવાર કરવો.

| | |
|---|---|
| રૂા. ૧૫/- | કાકાની ચાના આપવા |
| રૂા. ૨૫/- | પંચની બેઠકના આપવા |
| રૂા. ૨૦/- | ભુરદાન, બ્રાહ્મણને આપવા |
| રૂા. ૧૦/- | ઢોલીને આપવા |
| રૂા. ૧૦/- | કબુતરની જારના આપવા |
| રૂા. ૧૦/- | રાવજી (બારોટ)ને આપવા. |
| રૂા. ૧૧/- | સાધુની મઢીના આપવા |
| રૂા. ૧૦૧/- | કુલ... |

સાળી સામૈયામાં રૂા. ૫/- નાંખવા તથા રૂા. ૫/- સાસુ સામૈયામાં નાંખવા, વર જમવા બેસે ત્યારે સાળો તલવાર અથવા બુટ લઈ જાય તો રૂા. ૨૫/- આપવા. વાસમાં જાનૈયા ચા-પીવા જાય તો કોઈપણ જાતનો વહેવાર કરવો નહિ. દિકરી અથવા સગી ભાણેજે ફક્ત રૂા. ૨/- નો પહ ભરાવવો. અને તે પેટે સામે દિકરી અથવા ભાણેજને રૂા. ૫/- આપવા. આ સિવાય કોઈપણ જાતનો વહેવાર કરવો નહિ. જાન ઝાંપે લેતી વખતે રૂા. ૧/- મોળિયાના તથા રૂા. ૧। (સવા રૂપિયો) થાળીમાં દિવાનો આપવો. જાનમાં માતાજીનો વહેવાર (નિવેધ) શ્રીફળ અથવા ચોખા જે તે ગામનો વ્યવહાર હોય તે પ્રમાણે વ્યવહાર કરવો. જાન પાસેથી મળવાનો વહેવાર તથા ભાઈઓનો વહેવાર સદંતર બંધ કરવામાં આવે છે. ગોરથ ગણતી વખતે રૂા. ૩૦૦૧/- અંકે રૂપિયા ત્રણ હજાર એક લઈને ભર્યું પુરૂ દેશ જાહેર કરવું. રૂા. ૧૦/- ઉધારાના દેશમાંથી કાઢીને આપવા. વર તથા વરના બાપાને દશ-દશ રૂપિયા આપવા. માંડવો વધાવવા રમાટે રૂા. ૨/- આપવા ઝાંપે કાકાને રૂા. ૧૦/- તથા મામાને રૂા. ૧૦/- આપવા તેમજ ડોલી રૂા. ૧૫૧/- આપવા. ગામોટને રૂા. ૨૧/- આપવા. અન્ય સાધુ-બ્રાહ્મણને રૂા. ૫/- (પાંચ) લેખે આપવા.

ગામોટને વિવાહની વિધિ પેટે રૂા. ૫૧/- (એકાવન) આપવા. તેમજ રૂા. ૧૫૧/- ખોડનાં બ્રાહ્મણને આપવા ગોરથ ગણતી વખતે બ્રાહ્મણને રૂા. ૨૫/- આપવા.

જમણવારમાં બે મીઠાઈ, ગાંઠીયા, ખીચડી, શાકભાજીનું શાક આપવું, ઝાંપે દિકરીને સાકરના રૂા. ૨૫/- આપવા, કન્યાપક્ષ તરફથી તાંબા અથવા પિત્તળની હેલ તથા દિવાધર લેવી. જે ગોરથ ગણતી વખતે આપવી. વિવાહમાં દિકરાની જાન પરણીને

ઘરે આવે ત્યારે છાશ ઢોળાવવાની પ્રથાના વહેવાર પેટે દિકરાની વહુને ઘરધણીની સંપત મુજબ લેવાની છુટ છે. આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૫૦૧/- દંડ લેવામાં આવશે જે નાતના ફાળામાં જમા કરાવવો.

સમાજમાં સાક્ષરતા અને સભ્યતા વધે તે હેતુથી ફટાણાં આપવાની, અપમાનજનક અને અસભ્ય ગીતો ગાવાની મનાઈ કરવામાં આવે છે. સગાઈ, લગ્ન તેમજ સીમંત જેવાં શુભ પ્રસંગોએ મંગળ ગીતો ગાઈને સમાજમાં સુધારો લાવવો આવશ્યક છે.

## કલમ નં. ૬ ''મામેરાનો ઠરાવ''

દિકરાના મામેરામાં સાડી-બ્લાઉઝ અને ઉપરણી લાવવી. દિકરીના મામેરામાં સાડી તથા બ્લાઉઝ લઈ જવું. બંનેના મામેરામાં ૫/- રૂા. પાઘડીના તથા ૧/- રૂા. છાબનો આપવો., મામેરામાં પાંચ માણસોએ જવાનું છે. મામેરાવાળાએ જો દિકરીનો વિવાહ હોય તો કુટુંબની દિકરીને જમવા બોલાવવી. દિકરીના વિવાહમાં મામેરાનો વહેવાર રૂા. ૧૫/- અને દિકરાના વિવાહમાં મામેરાનો વહેવાર રૂા. ૧૦/- કરવો. જો સ્ત્રી મહેમાન હોય તો દરેકને વહેવાર પેટે રૂા. ૫૧/- આપવા તથા પુરૂષ મહેમાનને રૂા. ૧૦/- આપવા. આ સિવાય કોઈ પણ જાતનો વહેવાર કરવો નહી.

આ કલમનો ભગ કરનાર પાસેથી રૂા. ૧૦૧/- દંડ પેટે લેવામાં આવશે જે નાતના ફાળામાં જમા કરાવવા.

## કલમ નં. ૭ ઓઢામણીનો ઠરાવ :

સાળીના વિવાહમાં જમાઈને મોટી ઓઢામણી (વેળ) તરીકે રૂા. ૫૧/- આપવા તથા રૂા. ૧૦/- ઓઢામણી પેટે આપવા. વિવાહમાં રૂા. ૧૦/- સગાઓને વહેવાર કરવો તથા સ્ત્રી મહેમાનને રૂા. ૫૧/- આપવા અને સાડીનો વહેવાર બંધ કરેલ છે. અણવરને રૂા. ૨૦/- વિવાહની ઓઢામણીના આપવા.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૫૧/- દંડ પેટે લેવામાં આવશે. જે નાતનાં ફાળામાં જમા કરાવવાના રહેશે.

## કલમ નં. ૮ આણાંનો ઠરાવ :

લગ્ન કર્યા પછી નવરાત્રીનું આણું વળ્યા બાદ છ મહિના પછી આણું કરી આપવું. આણું તેડવા માટે બે વ્યક્તિઓએ જવું. જીયાણાના આણાંની પ્રથા સદંતર બંધ કરેલ છે. આ આણાં વખતે ૯ જોડી કપડા લેવા તથા ૧ એક બેગ લેવી. રૂા. ૧૦/- ઉધારાના આણું ગણાવતી વખતે લેવાં. આણું ગણાવતી વખતે બ્રાહ્મણ હાજર હોય તો રૂા. ૨૫/-



આપવાં. આ વખતે પુરૂષ મહેમાન હાજર હોય તો રૂા. ૧૦/- તથા સ્ત્રી મહેમાન હાજર હોય તો રૂા. ૫૧/- ઓઢામણી પેટે આપવા.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૧/- દંડ પેટે લેવાના રહેશે જે નાતના ફાળામાં જમા કરાવવાના રહેશે.

## કલમ નં. ૯ ''સીમંતનો ઠરાવ''

સીમંત લઈને સાત બૈરાં મહેમાને જવું. દિકરી માટે ૧ જોડી કપડાં લઈ જવા. જમાઈને રૂા. ૧૧/- પાઘડી તરીકે તથા રૂા. ૫૧/- વીંટી પેટે આપવા. જમણવારમાં શાકભાજીનું શાક, રોટલી, ચોખા સાથે એક ટંક જમણ આપવું. કુટુંબની દિકરી હોય તો જમવા બોલાવવી. સીમંતમાં દરેક બૈરાં મહેમાનને રૂા. ૫૧/- ઓઢામણી પેટે આપવાં. બ્રાહ્મણને રૂા. ૨૫/- આપવાં.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૧/- દંડ પેટે લેવાના રહેશે જે નાતના ફાળામાં જમા કરાવવાના રહેશે.

## કલમ નં. ૧૦ '' પરણેલી કન્યાનો છુટા-છેડાનો ઠરાવ''

પરણેલી કન્યા દિકરીનો બાપ ના આપે તો દિકરાના બાપને રૂા. ૨૦,૦૦૦/- વીસ હજાર તથા દાગીના આપી છુટા છેડા લેવા તેમજ નાતની કલમના રૂા. ૨૫૧/- લેવાં. બાળબચ્ચાવાળી દિકરીનું છુટું કરવા માટે નાતની મંજુરી સિવાય કરી શકાશે નહિં.

આ કલમનો ભંગ કરનારે રૂા. ૨૫૧/- નાતના ફાળામાં દંડ પેટે આપવાનાં રહેશે.

## કલમ નં. ૧૧ ''મુરતીયા પક્ષનો છુટા-છેડાનો ઠરાવ''

પરણેલી કન્યાને વરપક્ષવાળા ના તેડી જાય તો વરપક્ષે રૂા. ૨૦,૦૦૦/- વીસ હજાર રૂપિયા તથા દાગીના દિકરીના બાપને આપીને છુટાછેડા લેવાના રહેશે. તેમજ નાતની કલમના રૂા. ૨૫૧/- આપવાના રહેશે. જેની જવાબદારી ગામના પંચની રહેશે.

આ કલમનો ભંગ કરનારે રૂા. ૨૫૧/- નાતના ફાળામાં દંડ પેટે આપવાનાં રહેશે.

## કલમ નં. ૧૨ ''ઘરઘણાંનો ઠરાવ''

ઘરઘણાંમાં દેશ તરીકે રૂા. ૧૦૦૦૧/- (દશ હજાર એક રૂપિયા) રાખેલ છે.

ઘરઘણું તેડવા વર સાથે ૨૫ માણસોએ જવાનું છે. શાકભાજીનું શાક, રોટલી, ચોખા સાથે એક ટંક જમણ આપવું. ઘરઘણા વખતે ચુડી તથા એક જોડી કપડા, દાગીના તથા શણગારનો પુરો સામાન વરપક્ષ તરફથી લઈ જવાનો રહેશે. ઘરઘણામાં બ્રાહ્મણને રૂા. ૨૫/- આપવાં. પંચની બેઠકના રૂા. ૨૦/- આપવાં. ઢોલીને રૂા. ૫/- આપવા, દિકરા પક્ષ તરફથી આપવાના છે. દિકરીપક્ષ તરફથી આ બાબતે કંઈ લેવાનું રહેશે નહિ. તેમજ અન્ય સાધુ બ્રાહ્મણ હોય તો રૂા. ૫/- લેખે આપવા. નાતના વહેવારના વરપક્ષ પાસેથી રૂા. ૧૦૧/- લેવા. ઓઢામણીમાં સાડીનો વહેવાર બંધ કરેલ છે. આવેલ પુરૂષ મહેમાનને રૂા. ૧૦/- લેખે તેમજ સ્ત્રી મહેમાનને રૂા. ૫૧/- ઓઢામણી પેટે આપવા. ઘરઘણામાં દિકરા તથા દિકરી પક્ષે છુટા થવા માટે રૂા. ૧૦૦૦૧/- (દસ હજાર એક) આપી છુટા થઈ શકે છે.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૨૫૧/- દંડ પેટે લેવાના રહેશે જે નાતના ફાળામાં જમા કરાવવા.

## કલમ નં. ૧૩ ''વિધવા કન્યાનો ઠરાવ''

વિધવા કન્યાના છુટાછેડા રૂા. ૫૦૦૧/- (પાંચ હજાર એક) લઈ છુટાછેડા કરવા અને દાગીના વરપક્ષ પાસે રહેશે. દાગીના ન હોય તો હાજર રહેલ સમાજના આગેવાનો જે રકમ નક્કી કરે તે આપવાની રહેશે. વિધવા કન્યાને બીજે ન જવું હોય તો અને તેની મરજી હોય તો દિયર કુંવારો હોય તો કુંવારા મસ ઉતારવાની રહેશે. દિયર રંડાયેલો હોય તો દિયરની સાથે દિકરીની મરજી હોય તો દિયરવટું વાળવું.

## કલમ નં. ૧૪ ''બારમાનો ઠરાવ''

બારમામાં સગાભાઈના સગા કરવાના રહેશે. તેમાં ૫૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ હોય તો તેનું બારમું કરવું, પરંતુ ૫૦ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિ હોય તો તેનું પાણી ઢોળ કરવું.

**બારમું રૂા. ૧/- વાળુ કરવાનું રહેશે. બારમું સવારનું કરવાનું રહેશે.**

બારમામાં જમણવારમાં શીરો-ચણા આપવાનાં છે. વાડીના વહેવારમાં રૂા. ૫/- તેમજ પીરસણાનો વહેવાર રૂા. ૨/- લેવાના રહેશે. સગાની વગ પેટે રૂા. ૧/- તથા



ભાણેજ વેવાર રૂા. ૧/- લેવાનો રહેશે. મોં ઢંકણાનો વહેવાર બંધ કરવામાં આવે છે. બારમામાં પોતાની દિકરીઓને રૂા. ૨૧/- તથા સગી ભાણેજને રૂા. ૨૧/- આપવાના રહેશે. બારમામાં બ્રાહ્મણને રૂા. ૬૧/- આપવા, કુટુંબની દીકરી આવી હોય તો રૂા. ૫/- આપવાના રહેશે.

પાણીઢોળ સવારનું કરવાનું રહેશે. પાણીઢોળમાં જમણવારમાં શાક-રોટલાં આપવા. પાણીઢોળમાં પોતાની દીકરીઓને રૂા. ૧૧/- તથા કુટુંબની દિકરીઓને રૂા. ૫/- આપવાનાં રહેશે. સગાઓએ તેમની દિકરીઓને સોગના સાડલા પેટે રૂા. ૨૧/- આપવાના રહેશે.

બારમામાં બ્રાહ્મણને થાળી, લોટો તથા ૧ જોડી કપડાં ચંપલ આપવાના રહેશે. અન્ય કોઈ સાધુ બ્રાહ્મણ હોય તો તેને રૂા. ૫/- આપવાનાં રહેશે.

પાણીઢોળમાં બ્રાહ્મણને થાળી, લોટો, ૧ જોડી કપડાં તથા ચંપલ આપવાના રહેશે. ગામોટને રૂા. ૫૧/- આપવાના રહેશે તથા અન્ય કોઈ સાધુ બ્રાહ્મણ આવ્યા હોય તો તેમને રૂા. ૫/- લેખે આપવાનાં રહેશે.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૨૫૧/- દંડ લેવામાં આવશે જે નાનના ફાળામાં જમા કરાવવાના રહેશે.

## કલમ નં. ૧૫ ''કાચા સગપણનો ઠરાવ''

દિકરીને બાપે સગપણ કરેલ હોય અને દિકરીને ન પરણાવવી હોય તો તેણે રૂા. ૧૦૦૧/- (એક હજાર એક રૂપિયા) આપીને ફારગતી કરાવી લેવી. નાતની કલમના રૂા. ૧૫૧/- આપવાના રહેશે.

દિકરાના બાપે સગપણ કરેલ કન્યાને પોતાના દિકરા સાથે ન પરણાવવી હોય તો તેણે ૧૦૦૧/- (એક હજાર એક) આપીને ફારગતી કરાવી લેવી.

આવી બાબતમાં જે તે વિસ્તાર/ગામડાનાં મેમ્બરો તથા અમદાવાદમાં શહેરના કારોબારીના સભ્યોએ મળીને સગપણ મટાડવાનું રહેશે. અને જો તેમ ના પતે તો તાલુકાના મેમ્બરોને બોલાવીને પણ તેની પતાવટ કરાવવાની રહેશે.

આ કલમનો ભંગ કરનારે રૂા. ૨૫૧/- નાતના ફાળામાં દંડ પેટે આપવાનાં રહેશે.

## કલમ નં. ૧૬ ''સવેલી કન્યા બાબતનો ઠરાવ''

આપણાં સમાજમાં પરણેલી કન્યાને ફારગતી કર્યા સિવાય બીજે (સવેલી) આપી દેવામાં આવે તો દિકરીના બાપે રૂા. ૨૫૦૦૦/- મુરતીયાના બાપને આપવાનાં રહેશે. તેમજ દંડ પેટે રૂા. ૫૦૧/- નાતમાં જમા કરાવવાના રહેશે.

પરણેલી કન્યા બીજી વ્યક્તિને લઈને જતી રહી હોય તો તે કન્યાના બાપે મુરતીયાના બાપને રૂા. ૨૫૦૦૦/- તથા દાગીના આપવાનાં રહેશે. તેમજ દંડ પેટે રૂા. ૫૦૧/- નાતમાં જમા કરાવાવનાં રહેશે.

## કલમ નં. ૧૭ ''પરણેલા મુરતીયાના કસૂર બાબત ઠરાવ''

પરણેલો મુરતીયો જો બીજી કન્યાને લઈને ભાગી જાય તો તેના બાપે દિકરીના બાપને રૂા. ૨૫૦૦૦/- તથા દાગીના આપવાના રહેશે. તેમજ દંડ પેટે રૂા. ૫૦૧/- નાતમાં જમા કરાવવાનાં રહેશે.

## કલમ નં. ૧૮ ''પર પરગણા સાથેના વહેવારનો ઠરાવ''

જો દિકરીને બીજે પરણાવેલી હોય અને કન્યા તથા મુરતીયા બંને પક્ષનો ઝગડો થયેલ હોય, તેમાં જે તે વિસ્તાર/ગામડાના નાતના આગેવાનોએ મળીને આવા ઝગડા પતાવાના રહેશે. કોર્ટમાં જવાની છુટ આપવામાં આવતી નથી. કોર્ટમાં જવા માટે કમીટીની મંજૂરી સિવાય જઈ શકાશે નહિ. આ ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૦૧/- દંડ લેવામાં આવશે.

## કલમ નં. ૧૯ ''દિકરીએ દેશ પ્રમાણે ઠરાવ''

ઝાલાવાડ પરગણા સિવાય અન્ય બીજા પરગણામાં લગ્ન કરવા માટે દિકરીએ દેશ પ્રમાણે વર્તવાનું રહેશે. બાકીની કલમો આપણાં (ઝાલાવાડ) ધારા ધોરણ પ્રમાણે વર્તવાનું રહેશે. જાનડીયુ લાવવા તથા લઈ જવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવેલ છે. આ કલમનો ભંગ કરનાર પાસેથી ૫૦૧/- દંડ લેવામાં આવશે.



## કલમ નં. ૨૦ ''ખોડખાંપણવાળી દિકરી કે દિકરાના લગ્નનો ઠરાવ''

જો કોઈ દિકરી અપંગ હોય અથવા દિકરો અપંગ હોય અગર શારીરિક ખોડખાંપણવાળા હોય તો તેમના સંબંધ (લગ્ન) કરવા માટે બંને પક્ષના મા-બાપની સહમતીથી નાતના ધારા-ધોરણ મુજબનું દેશ કે તેનાથી વધારી રકમ લેવાની રહેશે નહિ.

આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૫૦૧/- દંડ પટે લઈ નાતમાં જમા કરવાવાનાં રહેશે.

## કલમ નં. ૨૧ : ''દિકરા તથા દિકરીના લગ્ન પ્રસંગે નાતના ફાળા બાબતે''

દિકરા તથા દિકરીના લગ્ન વખતે બંને પક્ષે રૂા. ૧૦૧/- એકસો એક નાતના ફાળામાં જમા કરાવવાનાં  રહેશે. જે રકમ જે તે ગામના પંચ પાસે જમા કરાવવી તથા અમદાવાદમાં જે તે વિસ્તારના આગેવાનોએ ઉપરોક્ત ફાળો લઈને ખજાનચી પાસે જમા કરાવી પહોંચ લઈ લેવી. ગામડામાં જ્યારે નાત માંગે ત્યારે તે રકમ જમા કરાવવાની રહેશે.

આ બાબતની રકમ જમા કરાવવાની જવાબદારી જે તે ગામડાના પંચ તથા અમદાવાદના નાતના આગેવાનોની રહેશે.

## કલમ નં. ૨૨ : ''વાર્ષિક હિસાબ કિતાબ બાબત''

ઝાલાવાડ પરગણાની નાતના ગામડાઓ, શહેરો તેમજ અમદાવાદના નાતના મેમ્બરો નક્કી કરેલાં છે. તે બધાં મેમ્બરોએ ભેગા મળીને વર્ષમાં એક વખત ધ્રાંગધ્રા મુકામે ફરજિયાત મીટીંગ રાખવાની રહેશે. જે મીટીંગમાં વર્ષ દરમ્યાન આવેલ કલમ / દંડ તથા ફાળાની રકમ જમાં કરાવવાની રહેશે તેમજ આવક-જાવકનો હિસાબ કરવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈ રજુઆતો જો હોય તો તે સાંભળવાની રહેશે.

## કલમ નં. ૨૩ જનરલ મીટીંગનો ઠરાવ

ઝાલાવાડ પરગણાની નાતના ગામડાઓ, શહેરો, અમદાવાદના નક્કી કરેલ

મેમ્બરોની એક જનરલ મીટીંગ ધ્રાંગધ્રા મુકામે દર પાંચ વર્ષે ફરજિયાત બોલાવવાની રહેશે.

જે મીટીંગમાં આવક-જાવકનો હિસાબ કરવાનો રહેશે તેમજ જો કોઈ સલાહ-સૂચન હોય તે સાંભળવાના રહેશે.

નાત ભગવાનની જય

રોહિદાસ મહારાજની જય

ડૉ. બાબા સાહેબ આંબેડકરની જય

## કલમ નં. ૨૪ ''અન્ય ઠરાવ''

૧. ઝાલાવાડ ૮૨ ગામ પરગણામાં દહેજપ્રથા છે જ નહિ.
૨. માટલી લઈ જવાની પ્રથા ચાલુ રાખવી જેમાં બે બૈરાં મહેમાને જવું.
૩. પુનવચના દિકરા દિકરીના જ લગ્ન કરવા.
૪. નશીલા-કેફી પદાર્થનું સેવન કોઈપણ પ્રસંગમાં કરવું/કરાવવું નહિ.

## આવક-ખર્ચનો હિસાબ

તા. ૧૩-૩-૦૫ થી તા. ૧૪-૩-૦૫ના રોજ ધ્રાંગધ્રા મુકામે ઝાલાવાડ રોહિદાસવંશી (૮૨) ગામ સમાજ સુધારક સંસ્થાનું જાહેર સંમેલન મળેલ તે સમયે આવેલ ઉમરા દીઠ ફાળો તથા સ્વૈચ્છિક ફાળાની આવક, ખર્ચ તથા સિલક નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઉમરા દીઠ આવેલ ફાળો | ૬૧૪૨૫-૦૦ |
| સ્વૈચ્છિક ફાળો | ૭૫૦૨૭-૦૦ |
| કુલ આવક | ૧૩૬૪૫૨-૦૦ |
| નાતના સંમેલનમાં થયેલ ખર્ચ | ૭૬૫૭૦-૦૦ |
| રોકડ સિલક | ૫૯૮૮૨-૦૦ |
| ધ્રાંગધ્રા તરફથી એક ટંક જમણવાર આપેલ તેની રકમ | ૧૭૦૦૦-૦૦ |
| રૂા. કુલ સિલક | ૭૬૮૮૨-૦૦ |



| | |
|---|---|
| (૧) દેનાબેંક ધ્રાંગધ્રા બ્રાન્ચમાં તા. ૧૮-૪-૦૫ થી ૧૮-૭-૦૫ સુધી ૩ માસ માટે બાંધી મુદતમાં જમા કરાવી. | ૭૫૦૦૦-૦૦★ |
| (૨) દેના બેંક ધ્રાંગધ્રા બ્રાન્ચમાં સેવિંગ્ઝ ખાતામાં ખાતા નં. ૨૩૧૩૦ તા. ૧૮-૪-૦૫ જમા કર્યા | ૧૮૮૨-૦૦ |
| | ૭૬૮૮૨-૦૦ |
| જમણવાર માટે લાવેલ સામાનમાંથી વધેલ સામાનની (પતરાળા વિગેરે) રકમ રૂા. ૪૫૨૫/- રોકડા ધ્રાંગધ્રાના પંચ પાસે જમા રાખેલ છે. | ૪૫૨૫-૦૦ |

★ આ રકમની ખર્ચ માટે જરૂર ન હોય તો પાકતી મુદતે વ્યાજ સહીત રીન્યુ કરાવવી.

ઝાલાવાડ રોહિદાવંશી બ્યાંસી ગામ સમાજ સુધારક સંસ્થાનું જાહેર સંમેલન તા. ૧૩-૩-૦૫ થી ૧૪-૩-૦૫ સુધી મળેલ તે સમયે થયેલ આવક-ખર્ચ તથા રહેલ સિલક તા. ૧૮-૪-૦૫ના રોજ ''દેના બેંક'' ધ્રાંગધ્રા બ્રાંચમાં બાંધી મુદતમાં તથા સેવિંગ્ઝ ખાતુ ખોલાવીને રકમ મુકવામાં આવે છે જેનો વહીવટ નીચે મુજબની વ્યક્તિઓ કરશે તેમ ઝાલાવાડ રોહિદાસવંશી બ્યાંસી ગામ સમાજ સુધારક સંસ્થા તરફથી સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) શ્રી કાળુભાઈ જશાભાઈ પરમાર | ધ્રાંગધ્રા |
| (૨) શ્રી નંદલાલ જીવાભાઈ રાઠોડ | ધ્રાંગધ્રા |
| (૩) શ્રી પ્રેમજીભાઈ કેહરભાઈ પરમાર | સીતાપુર |
| (૪) શ્રી રૂપાભાઈ જેઠાભાઈ વાઘેલા | અમદાવાદ |
| (૫) શ્રી પુંજાભાઈ મીઠાભાઈ રાઠોડ | હળવદ |
| (૬) શ્રી ગણેશભાઈ તળસીભાઈ વાઘેલા | કોંઢ |

ઉપરોક્ત ક્રમ નં. ૧ અને ૨ પૈકી ગમે તે એક અને બાકી ના ૪ પૈકી બે સંયુક્ત સહીથી લેવડ-દેવડ કરી શકાશે.

ઉપરોક્ત ઠરાવ બચત ખાતા તેમજ બાંધી મુજબ ના ખાતામાં લાગુ પડશે.

## અમદાવાદ-કારોબારી મેમ્બરો (૨૫)

| મુળગામ | નામ | હોદ્દો | નિવાસ/વિસ્તાર |
|---|---|---|---|
| કોંઢ | મોહનભાઈ ગલાભાઈ વાઘેલા | માસ્તર | વોરાની ચાલી |
| " | રૂપાભાઈ જેઠાભાઈ વાઘેલા | | " |
| " | નારણભાઈ ધુડાભાઈ રાઠોડ | | " |
| માથક | બીજલભાઈ માવજીભાઈ રાઠોડ | ખજાનચી | બાપુનગર |
| " | કેશુભાઈ માવજીભાઈ રાઠોડ | | " |
| સુરવદર | ઉકાભાઈ દલાભાઈ પરમાર | | વોરાની ચાલી |
| સુસવાવ | ભવાનભાઈ લખુભાઈ રાઠોડ | | અમરાઈવાડી |
| " | નટવરભાઈ બુટાભાઈ રાઠોડ | | વોરાની ચાલી |
| કીડી | કેશુભાઈ શામજીભાઈ ચાવડા | | " |
| ધોળી | અમરશીભાઈ રામાભાઈ સિંધવ | | ગુલાબનગર |
| રણની ટીકર | ખાનાભાઈ રામાભાઈ સિંધવ | | મુસાવાળી ચાલી |
| માળવણ | ભીખાભાઈ દેવજીભાઈ પરમાર | | વોરાની ચાલી |
| " | ખાનાભાઈ મોતીભાઈ પરમાર | | મુસાવાળી ચાલી |
| હળવદ | મુળજીભાઈ દેવજીભાઈ રાઠોડ | | ખાડાવાળી ચાલી |
| દેવળીયા | દુદાભાઈ જેઠાભાઈ સોલંકી | | વાઘરીવાળી |
| " | મોતીભાઈ દેવાભાઈ રાઠોડ | | પ્રભાકર સોસાયટી |
| ધ્રાંગધ્રા | ડાયાભાઈ મોહનભાઈ રાઠોડ | | કડાકા |
| રાયસંગપર | આલજીભાઈ તળશીભાઈ ઝાલા | | કબીરવાડી |
| " | મોહનભાઈ બેચરભાઈ ઝાલા | | વેજલપુર |
| સાપકડા | મોહનભાઈ ધનજીભાઈ ચૌહાણ | | ઠક્કરનગર |
| ચારદ | પ્રો. ગોવિંદભાઈ રામજીભાઈ ચાવડા | | ઘનશ્યામનગર નરોડા |
| [illegible] | બીજલભાઈ ટાભાભાઈ ઝાલા | | શાહપુર |
| સડલા | ખાનાભાઈ ખીમાભાઈ બોચીયા | | હીરાલાલની ચાલી |
| સીતાપુર | જીવણભાઈ હરીભાઈ પરમાર | | હિરાલાલની ચાલી |
| સાપકડા | ચૌહાણ દિનેશભાઈ ભીમજીભાઈ | | ગિરીરાજ સોસાયટી ઓઢવ |



## ધ્રાંગધ્રા પંચ તથા નાતના મેમ્બરો (૩૫)
## ઘરની સંખ્યા ૩૨૨

કાળુભાઈ જશાભાઈ પરમાર
હમીરભાઈ હરીભાઈ પરમાર
ઉકાભાઈ ગોવિંદભાઈ પરમાર
કરશનભાઈ પમાભાઈ પરમાર
ગોવિંદભાઈ જીવાભાઈ પરમાર
બાલજીભાઈ મનજીભાઈ પરમાર
લાલજીભાઈ શિવાભાઈ પરમાર
લાલજીભાઈ દેવજીભાઈ પરમાર
ટપુભાઈ મુળજીભાઈ પરમાર
જેઠાભાઈ ડાયાભાઈ પરમાર
પાલાભાઈ રામાભાઈ પરમાર
ખોડાભાઈ અમરાભાઈ પરમાર
પરસોત્તમભાઈ પ્રેમજીભાઈ સિંધવ
દલાભાઈ કરશનભાઈ રાતોજા
મગનભાઈ દાનાભાઈ પરમાર
મગનભાઈ પુનાભાઈ સિંધવ
સોમાભાઈ ચીકાભાઈ પરમાર
દેવજીભાઈ મોતીભાઈ વાણીયા
બચુભાઈ ગલાભાઈ મકવાણા
દલીભાઈ જેઠાભાઈ
ડાયાભાઈ મુળાભાઈ
દલાભાઈ મગનભાઈ
શીવાભાઈ નાથાભાઈ
વાલજીભાઈ નાનજીભાઈ
ગાંડાભાઈ ખેતાભાઈ
મીઠાભાઈ જશાભાઈ
મુળજીભાઈ પુંજાભાઈ
મંગાભાઈ ખીમાભાઈ
ખેતાભાઈ જેઠાભાઈ
વાલજીભાઈ કરશનભાઈ
માલાભાઈ લઘરભાઈ
પિતાંબરભાઈ કુબેરભાઈ
ઉકાભાઈ ગોરાભાઈ
જેઠાભાઈ ભાણાભાઈ
લક્ષ્મણભાઈ ગલાભાઈ

## ધ્રાંગધ્રા તાલુકા કમીટી અને પંચકોશી શહેર કમીટીના મેમ્બરો (૨૭)

| | |
|---|---|
| ધ્રાંગધ્રા | પુંજાભાઈ ચીકાભાઈ પરમાર(પ્ર.સં.) |
| " | નાનજીભાઈ વાલાભાઈ પરમાર |
| " | અમુભાઈ પ્રેમજીભાઈ વાણીયા |
| " | પમાભાઈ મોતીભાઈ પરમાર |
| " | પુંજાભાઈ તળસીભાઈ પરમાર |
| " | ખીમાભાઈ ભલાભાઈ પરમાર |
| " | મોહનભાઈ કરશનભાઈ પરમાર |
| " | ભરતભાઈ મુળજીભાઈ સિંધવ |
| " | દેવજીભાઈ અમરાભાઈ રાઠોડ |
| " | ડાયાભાઈ કેશાભાઈ રાઠોડ |
| " | પમાભાઈ ખીમાભાઈ પરમાર |
| " | વસંતભાઈ બાલજીભાઈ પરમાર |
| " | ચતુરભાઈ મોતીભાઈ પરમાર |
| " | નંદલાલ જીવાભાઈ પરમાર |
| " | આલજીભાઈ અમુભાઈ સોલંકી |
| " | દેવજીભાઈ પુંજાભાઈ વાઘેલા |
| માલવણ | હરખાભાઈ હમીરભાઈ સોલંકી(૮૦) |
| " | વાલજીભાઈ વીરાભાઈ ચાવડા |
| વાવડી | અજાભાઈ ડાયાભાઈ નોરસીયા(૫૦) |

" તીકુભાઈ જેઠાભાઈ ચાવડા

કંકાવટી રામજીભાઈ જેઠાભાઈ ચાવડા(૨૭)

" કેશાભાઈ તીકુભાઈ સિંધવ

ધ્રુમઠ ભીખાભાઈ ડાયાભાઈ મકવાણા(૩૪)

ભરાડા પાલાભાઈ રામાભાઈ વાઘેલા(૨૩)

સોલડી મોહનભાઈ મોતીભાઈ પરમાર(૨૮)

" તળસીભાઈ દાનાભાઈ રહેવર

ગાજણવાવ હરખાભાઈ દાનાભાઈ તોરણીયા(૩૭)

**હળવદ તાલુકા કમીટી મેમ્બરો (૧૬)**

પુંજાભાઈ મીઠાભાઈ રાઠોડ હળવદ

જગદીશભાઈ ભલાભાઈ રાઠોડ "

ગણેશભાઈ મનજીભાઈ "

ભનુભાઈ સોંડાભાઈ "

લવજીભાઈ મુળજીભાઈ "

તીકુભાઈ ભોજાભાઈ "

તીકુભાઈ મનજીભાઈ "

ગણેશભાઈ કેશાભાઈ "

ધુડાભાઈ ગોવિંદભાઈ "

બાબુલાલ રામજીભાઈ સુસવાવ(૧૭)

ગણેશભાઈ દાનાભાઈ વેગડવાવ(૨૦)

તળસીભાઈ દલાભાઈ રણનીટીકર(૩૯)

મુળજીભાઈ દલાભાઈ દેવળીયા(૨૨)

નથુભાઈ વાલાભાઈ માથક(૨૪)

મોહનભાઈ વીરાભાઈ કીડી(૨૯)

મોહનભાઈ પુંજાભાઈ રણમલપુર(૧૭)

**સીતાપુર તાલુકા**

**કારોબારી કમીટીના મેમ્બરો (૯)**

પ્રેમજીભાઈ કેશરભાઈ પરમાર

બાબુભાઈ કાળુભાઈ પરમાર

ધુડાભાઈ દેવાભાઈ પરમાર

મનજીભાઈ બીજલભાઈ પરમાર

કરશનભાઈ હરીભાઈ પરમાર

નટુભાઈ હીરાભાઈ પરમાર

તળસીભાઈ ધુડાભાઈ સુમેરા

છગનભાઈ શીવાભાઈ

ગાંડાભાઈ કાનાભાઈ

**સીતાપુર તાલુકાની પંચકોશી અને કારોબારી કમીટીના મેમ્બરો (૧૦)**

પ્રેમજીભાઈ કેશરભાઈ પરમાર સીતાપુર(૪૬)

બાબુભાઈ કાળુભાઈ પરમાર સીતાપુર

ધુડાભાઈ દેવાભાઈ પરમાર સીતાપુર

તળસીભાઈ ધુડાભાઈ સુમેરા સીતાપુર

દેવજીભાઈ જેઠાભાઈ ભારદ(૨૬)

કાનાભાઈ ટાભાભાઈ ઝાલા ભદ્રેશી(૫)

કેહરભાઈ ટાભાભાઈ ભદ્રેશી

રેવાભાઈ વસ્તાભાઈ અંકેવાળીયા(૨૩)

મનજીભાઈ સવાભાઈ ધોળી(૨૮)

ગોવિંદભાઈ મુળાભાઈ નગરા(૩૬)

**હળવદ તાલુકા કમીટી ના મેમ્બરો (૨૧)**

ભનુભાઈ સોંડાભાઈ પરમાર (૧૦૭)

અરજણભાઈ દેવાભાઈ પરમાર

છગનભાઈ મનજીભાઈ પરમાર

ડુંગરભાઈ ત્રિભોવનભાઈ પરમાર

ગાંડુભાઈ મોહનભાઈ પરમાર

દલપતભાઈ નાગરભાઈ પરમાર

ભાણાભાઈ દુદાભાઈ પરમાર

તીકુભાઈ ભોજાભાઈ પરમાર

ગણેશભાઈ મનજીભાઈ પરમાર



લવજીભાઈ મુળજીભાઈ પરમાર

તીકુભાઈ મનજીભાઈ

ગણેશભાઈ કેશાભાઈ

હરીભાઈ ડાયાભાઈ

પુંજાભાઈ મીઠાભાઈ રાઠોડ

ધુડાભાઈ ગોવિંદભાઈ

કેશાભાઈ રામજીભાઈ શેખાવા

મગનભાઈ ખોડાભાઈ

જેઠાભાઈ રાજાભાઈ

જગદીશભાઈ ભલાભાઈ રાઠોડ

જેઠાભાઈ પથુભાઈ

ગણેશભાઈ ડાયાભાઈ

**હળવદ તાલુકા પંચકોશી કમીટી મેમ્બરો (૪૬)**

વેગડવાવ ગણેશભાઈ દાનાભાઈ (૨૦)

" મોહનભાઈ ઉકાભાઈ

" કાનજીભાઈ નથુભાઈ

" તેજાભાઈ ડાયાભાઈ

રણમલપુર પુંજાભાઈ દેવાભાઈ (૧૭)

" વીરજીભાઈ મોતીભાઈ

" કાનજીભાઈ પુંજાભાઈ

" રણછોડભાઈ દેવાભાઈ

એંજાર પુંજાભાઈ રામાભાઈ (૧૨)

" વાલાભાઈ બુટાભાઈ

માલણીયાદ મગનભાઈ મોતીભાઈ

કીડી જેરામભાઈ વીરાભાઈ (૨૯)

મોહનભાઈ વીરાભાઈ

વાલજીભાઈ કુબેરભાઈ

ઘનશ્યામગઢ નથુભાઈ મોતીભાઈ (૫)

વાંટાવદર લક્ષ્મણભાઈ દલાભાઈ (૩)

રણનીટીકર મનજીભાઈ ચતુરભાઈ (૩૯)

" તળસીભાઈ દલાભાઈ

" લવજીભાઈ છગનભાઈ

" હીરાભાઈ છનાભાઈ

સુરવદર કાનજીભાઈ મનજીભાઈ (૧૪)

ચરાડવા તીકુભાઈ મોતીભાઈ (૧૧)

રાતાભેર મનજીભાઈ મેસુરભાઈ (૧૦)

સમલી ભાણાભાઈ નરસીભાઈ (૧૬)

વાંકીયા બાબુભાઈ સામાભાઈ (૧૦)

રાઈધરા દેવજીભાઈ ભલાભાઈ (૧)

સુપણી શીવાભાઈ ધનાભાઈ (૯)

દાઘોળીયા લાખાભાઈ જીવાભાઈ (૩)

સુંદરી ભવાની ભીખાભાઈ વશરામભાઈ (૧૧)

સાપકડા લવજીભાઈ મુળજીભાઈ (૧૬)

" દાનાભાઈ મંગાભાઈ

દીઘડીયા આલાભાઈ જીવાભાઈ (૧૦)

" ગોવિંદભાઈ કાનાભાઈ

ધનશ્યામપુર વલુભાઈ મોતીભાઈ (૧૪)

કડીયાણા જીવાભાઈ ખીમાભાઈ (૬)

ગોલાસણ ગલાભાઈ ખોડાભાઈ (૩)

પાંડાતીરથ મોતીભાઈ ટપુભાઈ (૫)

મેરૂપર નથુભાઈ પમાભાઈ (૨)

સુંદરગઢ નાગજીભાઈ ઉકાભાઈ (૧)

સુસવાવ પુંજાભાઈ કેહરભાઈ (૧૭)

" બાબુલાલ રામજીભાઈ

" મુળજીભાઈ દેવાભાઈ

" રાજાભાઈ આલાભાઈ

માથક નથુભાઈ વાલાભાઈ

"  ધીરાભાઈ જેઠાભાઈ
દેવળીયા  મુળજીભાઈ જેઠાભાઈ (૨૨)

**કોંઢ તાલુકા કમીટી (૧૫)**

ગણેશભાઈ તળસીભાઈ વાઘેલા (૮૦)
પુંજાભાઈ રત્નાભાઈ વાઘેલા
મનજીભાઈ મલાભાઈ વાઘેલા
માવજીભાઈ દેવજીભાઈ વાઘેલા
ભલાભાઈ મુળાભાઈ વાઘેલા
જીવણભાઈ ખેતાભાઈ
પેથાભાઈ ડાયાભાઈ
કેશાભાઈ રૂપાભાઈ
ડાયાભાઈ મોતીભાઈ જાદવ
ભીખાભાઈ નારણભાઈ રાઠોડ
છનાભાઈ મોતીભાઈ ચાવડા
નાનજીભાઈ રાજાભાઈ
કેશુભાઈ ભીમાભાઈ પરમાર
માવજીભાઈ પીતાંબરભાઈ રાઠોડ
અમરશીભાઈ ગાંડાભાઈ

**કોંઢ તાલુકાના ગામના મેમ્બરો (૩૧)**

| | |
|---|---|
| સડલા | પુંજાભાઈ દાનાભાઈ (૩૯) |
| " | શીવાભાઈ પીતાંબરભાઈ |
| " | લખમણભાઈ હમીરભાઈ |
| " | જેરામભાઈ ભાણાભાઈ |
| " | પુંજાભાઈ ઉકાભાઈ |
| કણબાદ | નથુભાઈ મોતીભાઈ (૪૯) |
| " | શીવાભાઈ મેઘાભાઈ |
| રાંપરા | પુંજાભાઈ ગોવાભાઈ (૫૨) |
| " | હરીભાઈ તીકુભાઈ |
| " | અરજણભાઈ મોતીભાઈ |
| રાવળીયાવદર | મુળજીભાઈ ભોજાભાઈ (૩૨) |
| " | દેવસીભાઈ તળસીભાઈ |
| કાંત્રોડી | મોહનભાઈ નાગજીભાઈ (૧૧) |
| " | મગનભાઈ દલાભાઈ |
| દૂધઈ | ખોડાભાઈ ભીમાભાઈ (૨૩) |
| " | કાળુભાઈ ગલાભાઈ |
| ઓહંદ્રાળી | જીવાભાઈ વાલાભાઈ (૨૮) |
| " | મેઘાભાઈ કુબેરભાઈ |
| જુનુ-રાયસીંગપર | રતાભાઈ દેવાભાઈ (૨૨) |
| " | દુદાભાઈ તળસીભાઈ |
| નવુ-રાયસીંગપર | દાનાભાઈ કાળાભાઈ (૯) |
| " | વાઘાભાઈ રામાભાઈ |
| ખંપાળીયા | બેચરભાઈ તળશીભાઈ (૧૬) |
| " | નાનજીભાઈ દેવાભાઈ |
| વેલાળા | આલાભાઈ ભીમાભાઈ (૪૦) |
| " | આલાભાઈ લખુભાઈ |
| " | વીરાભાઈ વાલાભાઈ |
| " | છગનભાઈ બેચરભાઈ |
| રતનપર | વજાભાઈ વાલાભાઈ (૧૨) |
| " | ગણેશભાઈ બુટાભાઈ |
| સુમનગઢ | રામજીભાઈ કેહરભાઈ (૧) |

**અમદાવાદના મેમ્બરો (૨૫)**

**વોરાની ચાલી :**

| | |
|---|---|
| મોહનભાઈ ગલાભાઈ વાઘેલા | કોંઢ |
| રૂપાભાઈ જેઠાભાઈ વાઘેલા | " |
| નારણભાઈ ધુડાભાઈ રાઠોડ | " |
| ઉકાભાઈ દલાભાઈ પરમાર | સુરવદર |
| નટવરભાઈ બુટાભાઈ રાઠોડ | સુસવાવ |
| કેશુભાઈ શામજીભાઈ ચાવડા | કીડી |



| | |
|---|---|
| ભીખાભાઈ દેવજીભાઈ પરમાર | માળવણ |
| મગનભાઈ કેહરભાઈ વાઘેલા | કોંઢ |
| મગનભાઈ વલુભાઈ વાઘેલા | " |
| રમેશભાઈ મોહનભાઈ વાઘેલા | " |
| પાલજીભાઈ ભાણજીભાઈ વાઘેલા | " |
| લવજીભાઈ લાખાભાઈ પરમાર | ચુલી |
| ધુડાભાઈ પ્રેમજીભાઈ રાઠોડ | દેવળીયા |
| નાનજીભાઈ ડાયાભાઈ પરમાર | ગાજણવાવ |
| મઘાભાઈ દાનાભાઈ પરમાર | ગાજણવાવ |
| છગનભાઈ મુળજીભાઈ | ગાજણવાવ |
| કેહરભાઈ વલુભાઈ રાઠોડ | માલણીયાદ |
| ગલાભાઈ પુંજાભાઈ પરમાર | માલવણ |
| દેવજીભાઈ મોહનભાઈ ચાવડા | માલવણ |
| કરશનભાઈ પુંજાભાઈ રાઠોડ | રણમલપુર |
| રત્નાભાઈ રાજાભાઈ ઝાલા | રાંપરા |
| બીજલભાઈ હરીભાઈ સોલંકી | બાવળી |
| રોહિતભાઈ બીજલભાઈ પરમાર | વાવડી |
| ગાંડાભાઈ માલાભાઈ પારધી | જશાપર |
| ભીખાભાઈ જીવાભાઈ પારધી | જશાપર |
| મોહનભાઈ લાલજીભાઈ શેખાવા | કુડા |
| લાલાભાઈ આંબાભાઈ વાઘેલા | ભરાડા |
| સોમાભાઈ હીરાભાઈ | |
| ધીરૂભાઈ મોતીભાઈ | |
| તેજાભાઈ તળસીભાઈ રાઠોડ | " |
| દેવજીભાઈ દાનાભાઈ રાઠોડ | " |

**સુખરામનગર : (૩)**

| | |
|---|---|
| મોતીભાઈ ગાંડાભાઈ પરમાર | ભરાડા |
| હરીભાઈ ખોડાભાઈ સિંધવ | ધોળી |
| ખીમજીભાઈ દાનાભાઈ રાઠોડ | રણમલપુર |

**મુસાવાળી ચાલી (૩)**

| | |
|---|---|
| ખાનાભાઈ રામાભાઈ સિંધવ | રણનીટીકર |
| ખાનાભાઈ મોતીભાઈ પરમાર | " |
| ધીરૂભાઈ મોતીભાઈ વાઘેલા | કોંઢ |
| નારણભાઈ ડાયાભાઈ વાઘેલા | " |
| અંબાલાલ બધાભાઈ પરમાર | હળવદ |

**ગજરા કોલોની (૩)**

| | |
|---|---|
| માવજીભાઈ હરખાભાઈ વાઘેલા | કોંઢ |
| જેઠાભાઈ માધાભાઈ સોલંકી | ભરાડા |
| શામજીભાઈ મંગાભાઈ ઝાલા | દાધોળીયા |

**ખાડાવાળી ચાલી (૫)**

| | |
|---|---|
| મુળજીભાઈ દેવજીભાઈ રાઠોડ | હળવદ |
| રતીલાલ કરશનભાઈ રાઠોડ | હળવદ |
| દલપતભાઈ નાનજીભાઈ પરમાર | હળવદ |
| હમીરભાઈ ભીખાભાઈ સોલંકી | ભરાડા |
| ઉકાભાઈ બેચરભાઈ વાઘેલા | વાંટાવદર |
| સતીશભાઈ નથુભાઈ સિંગલ | દેવળીયા |

**અમરાઈવાડી (૭)**

| | |
|---|---|
| ભવાંગભાઈ લખુભાઈ રાઠોડ | સુસવાવ |
| ~~અમરસિંહભાઈ રામાભાઈ~~ સિંધવ | ધોળી |
| નાનજીભાઈ રત્નાભાઈ રાઠોડ | કોંઢ |
| ચતુરભાઈ ડાયાભાઈ ચાવડા | કોંઢ |
| લઘરભાઈ નાનજીભાઈ જાદવ | કોંઢ |
| ગોપાલભાઈ મોહનભાઈ સિંધવ | ધોળી |
| દલાભાઈ તળશીભાઈ | નગરા |
| નથુભાઈ મુળજીભાઈ રાઠોડ | રતનપર |
| મનજીભાઈ ભલાભાઈ ઝાલા | દૂધઈ |
| અમરશીભાઈ ખીમાભાઈ સિંધવ | ધોળી |

## વાઘરીવાળી (૧)

| | |
|---|---|
| દુદાભાઈ જેઠાભાઈ સોલંકી | દેવળીયા |
| લઘરભાઈ ભીખાભાઈ રાઠોડ | એંજાર |

## બાપુનગર (૫)

| | |
|---|---|
| બીજલભાઈ માવજીભાઈ રાઠોડ | માથક |
| કેશુભાઈ માવજીભાઈ રાઠોડ | " |
| ગલાભાઈ ખોડાભાઈ રાઠોડ | ચોલાસણ |
| જીવણભાઈ હમીરભાઈ રાઠોડ | માથક |
| ભીમજીભાઈ બીજલભાઈ રાઠોડ | માથક |
| કાનજીભાઈ રાજાભાઈ ચાવડા | માલાવણ |
| દાનાભાઈ નારણભાઈ | સુંદરીભવાની |

## કડાકા (૧)

| | |
|---|---|
| ડાયાભાઈ મોહનભાઈ રાઠોડ | ધ્રાંગધ્રા |
| પરસોત્તમભાઈ પમાભાઈ વાઘેલા | નારીચાણા |

## ચાંદાભાઈની ચાલી (૩)

| | |
|---|---|
| દેવશીભાઈ દાનાભાઈ પાટડીયા | રણનીટીકર |
| રાજાભાઈ વાલાભાઈ પારધી | વેલાળા |
| નાગરભાઈ સવાભાઈ પારઘી | જશાપર |

## ઠક્કરનગર

| | |
|---|---|
| મોહનભાઈ ધનજીભાઈ ચૌહાણ | સાપકડા |
| કલ્યાણભાઈ પમાભાઈ બોચીયા | ઓર્હદ્દાળી |

## નરોડા

| | |
|---|---|
| મોતીભાઈ દેવાભાઈ રાઠોડ | દેવળીયા |
| ગોવિંદભાઈ રામજીભાઈ ચાવડા | ભારદ |
| કાનજીભાઈ માવજીભાઈ ચાવડા | ભારદ |
| મંગાભાઈ બેચરભાઈ રહેવર | ભારદ |
| રમેશભાઈ પ્રેમજીભાઈ પરમાર | સીતાપુર |
| વીરજીભાઈ દેવજીભાઈ પરમાર | સીતાપુર |

## ગિરીરાજ સોસાયટી ઓઢવ

| | |
|---|---|
| દિનેશભાઈ ભીમજીભાઈ ચૌહાણ | સાપકડા |

## શાંતિનગર

| | |
|---|---|
| દાનાભાઈ અમરાભાઈ પરમાર | ધ્રાંગધ્રા |

## શાહવાડી

| | |
|---|---|
| પીતાંબરભાઈ ધનજીભાઈ ચાવડા | કંકાવટી |

## હીરાલાલની ચાલી

| | |
|---|---|
| ખાનાભાઈ ખીમાભાઈ બોચીયા | સડલા |
| જીવણભાઈ હરીભાઈ પરમાર | સીતાપુર |
| ગાંડાભાઈ લાખાભાઈ | નવા દેવળીયા |

## આંબાવાડી

| | |
|---|---|
| તળસીભાઈ હમીરભાઈ રાઠોડ | રતનપર |
| જીવાભાઈ ગણેશભાઈ પારઘી | જશાપર |
| ડુંગરભાઈ કુબેરભાઈ | સાપકડા |

## કબીરવાડી

| | |
|---|---|
| આલજીભાઈ તળશીભાઈ ઝાલા | રાયસંગપર |

## વેજલપુર

| | |
|---|---|
| મોહનભાઈ બેચરભાઈ ઝાલા | રાયસંગપર |

## શાહપુર

| | |
|---|---|
| બીજલભાઈ ટાભાભાઈ ઝાલા | ભદ્રેશી |

## તા. ૧૩-૩-૦૫નારોજ ધ્રાંગધ્રા મુકામે બંધારણમાં સુધારો કરવા માટે ઝાલાવાડ રોહિદાસવંશી સમાજ પરગણાના ગામ દીઠ લેવામાં આવેલા મેમ્બરોની યાદી

| | |
|---|---|
| ધ્રાંગધ્રા | દેવજીભાઈ અમરાભાઈ રાઠોડ |
| ધ્રાંગધ્રા | પમાભાઈ ખીમાભાઈ રાઠોડ |



| | |
|---|---|
| ધ્રાંગધ્રા | ડાયાભાઈ કેશાભાઈ રાઠોડ |
| ધ્રાંગધ્રા | આલજીભાઈ અમુભાઈ રાઠોડ |
| ધ્રાંગધ્રા | દેવજીભાઈ પુંજાભાઈ વાઘેલા |
| ધ્રાંગધ્રા | બચુભાઈ ગલાભાઈ મકવાણા |
| ધ્રાંગધ્રા | પમાભાઈ મોતીભાઈ પરમાર |
| ધ્રાંગધ્રા | નાનજીભાઈ વાલાભાઈ પરમાર |
| ધ્રાંગધ્રા | મોહનભાઈ કરશનભાઈ પરમાર |
| ધ્રાંગધ્રા | પુંજાભાઈ તળસીભાઈ પરમાર |
| ધ્રાંગધ્રા | ભરતભાઈ મુળજીભાઈ સિંધવ |
| ધ્રાંગધ્રા | અમુભાઈ પ્રેમજીભાઈ વાણિયા |
| ધ્રાંગધ્રા | મોહનભાઈ કરમશીભાઈ |
| (ખળાવાડ) | મોતીભાઈ ચતુરભાઈ |
| સીતાપુર | પ્રેમજીભાઈ કેશરભાઈ પરમાર |
| " | બાબુલાલ કાળુભાઈ પરમાર |
| " | ધુડાભાઈ દેવાભાઈ પરમાર |
| " | તળસીભાઈ ધુડાભાઈ સુમેરા |
| " | મનજીભાઈ બીજલભાઈ પરમાર |
| " | કરશનભાઈ હરીભાઈ પરમાર |
| " | કાળાભાઈ ગોવાભાઈ પરમાર |
| " | પુંજાભાઈ દાનાભાઈ મકવાણા |
| હળવદ | છગનભાઈ શીવાભાઈ પરમાર |
| " | અરજણભાઈ દેવાભાઈ પરમાર |
| " | છગનભાઈ મનજીભાઈ પરમાર |
| " | ગણેશભાઈ કેશાભાઈ પરમાર |
| " | ભાણાભાઈ દુદાભાઈ પરમાર |
| " | હરીભાઈ ડાયાભાઈ પરમાર |
| " | ડુંગરભાઈ ત્રીભોવનભાઈ |
| " | પુંજાભાઈ મીઠાભાઈ રાઠોડ |
| " | ભાનુભાઈ સોડાભાઈ પરમાર |
| હળવદ | ધુડાભાઈ ગોવિંદભાઈ રાઠોડ |
| " | જગદીશભાઈ ભલાભાઈ રાઠોડ |
| " | તીકુભાઈ મનજીભાઈ રાઠોડ |
| " | અરજણભાઈ દેવાભાઈ પરમાર |
| " | છગનભાઈ મનજીભાઈ પરમાર |
| " | ગણેશભાઈ કેશાભાઈ પરમાર |
| કોંઢ | ગણેશભાઈ તળશીભાઈ વાઘેલા |
| " | મનજીભાઈ મલાભાઈ વાઘેલા |
| " | મનજીભાઈ મલાભાઈ વાઘેલા |
| " | છનાભાઈ મોતીભાઈ જાદવ |
| " | ભલાભાઈ મુળાભાઈ રાઠોડ |
| " | નાનજીભાઈ રાજાભાઈ |
| " | અમરશીભાઈ ગાંડાભાઈ |
| " | માવજીભાઈ પીતાંબરભાઈ |
| " | મોહનભાઈ ગલાભાઈ વાઘેલા (અ'વાદ) |
| " | રૂપાભાઈ જેઠાભાઈ વાઘેલા (અ'વાદ) |
| " | નારણભાઈ જેઠાભાઈ રાઠોડ (અ'વાદ) |
| " | લઘરભાઈ નાનજીભાઈ જાદવ (અ'વાદ) |
| સુરવદર | ઉકાભાઈ દલાભાઈ પરમાર(અ'વાદ) |
| સુસવાવ | ભવાનભાઈ લઘુભાઈ રાઠોડ |
| દેવળીયા | મોતીભાઈ દેવાભાઈ રાઠોડ |
| માથક | બીજલભાઈ માવજીભાઈ રાઠોડ |
| " | કેશુભાઈ માવજીભાઈ રાઠોડ |
| રાયસીંગપર | આલજીભાઈ તળસીભાઈ રાઠોડ |
| " | મોહનભાઈ બેચરભાઈ રાઠોડ |
| ધ્રાંગધ્રા | ડાયાભાઈ મોહનભાઈ રાઠોડ |
| હળવદ | મુળજીભાઈ દેવાભાઈ રાઠોડ |
| ભારદ | ગોવિંદભાઈ રામજીભાઈ ચાવડા |
| જશાપર | ગાંડાભાઈ માલાભાઈ પારધી |
| સીતાપુર | જીવણભાઈ હરીભાઈ પરમાર |

| | |
|---|---|
| સાપકડા | મોહનભાઈ ધનાભાઈ ચૌહાણ |
| અ'વાદ | ખીમાભાઈ દેવજીભાઈ ચાવડા |
| માળવણકીડી | કેશુભાઈ શામજીભાઈ ચાવડા |
| ભદ્રેસી | બીજલભાઈ ટાભાભાઈ ઝાલા |
| સુસવાવ | બાબુલાલ રામજીભાઈ રાઠોડ |
| " | મુળજીભાઈ દેવાભાઈ રાઠોડ |
| ભરાડા | પાલાભાઈ રામાભાઈ વાઘેલા |
| " | જેઠાભાઈ માધાભાઈ સોલંકી |
| રાંપરા | પુંજાભાઈ ગોવાભાઈ ઝાલા |
| રણનીટીકર | મનજીભાઈ ચતુરભાઈ સોલંકી |
| " | તળસીભાઈ દલાભાઈ સિંધવ |
| " | લવજીભાઈ છગનભાઈ પરમાર |
| સાપકડા | દાનાભાઈ મંગાભાઈ ચૌહાણ |
| દુધઈ | ખોડાભાઈ ભીમાભાઈ ઝાલા |
| રણમલપુર | કાનજીભાઈ પુંજાભાઈ ચાવડા |
| કંકાવટી | રામજીભાઈ જેઠાભાઈ ચાવડા |
| " | કેશાભાઈ તીકુભાઈ સિંધવ |
| ભદ્રેશી | કાનજીભાઈ ટાભાભાઈ ઝાલા |
| રાવળીયાવદર | મોતીભાઈ જેઠાભાઈ |
| " | મનજીભાઈ ભોજાભાઈ |
| અંકેવાળીયા | રેવાભાઈ વસ્તાભાઈ |
| " | મુળજીભાઈ છગનભાઈ |
| જેસડા | કેહરભાઈ માવજીભાઈ |
| જશાપર | પુંજાભાઈ ઠાકરસીભાઈ |
| જીવા | દેવશીભાઈ માવજીભાઈ પારઘી |
| વેગડવાવ | મંગાભાઈ ડાયાભાઈ |
| " | ગણેશભાઈ ધનાભાઈ |
| " | કાનજીભાઈ નથુભાઈ |
| " | તેજાભાઈ ડાયાભાઈ |

| | |
|---|---|
| સોલડી | મોહનભાઈ મોતીભાઈ પરમાર |
| " | તળસીભાઈ દાનાભાઈ રેવર |
| ધોળી | મનજીભાઈ સવાભાઈ પરમાર |
| " | હરીભાઈ અમરાભાઈ |
| કાંતરોડી | મોહનભાઈ નાગજીભાઈ |
| " | મગનભાઈ દલાભાઈ |
| આંસુવાળી | મેઘાભાઈ કુબેરભાઈ |
| " | જીવણભાઈ વાલાભાઈ |
| " | આલજીભાઈ રાજાભાઈ |
| વાંટાવદર | લક્ષ્મણભાઈ દલાભાઈ |
| માલણીયાદ | મગનભાઈ મોતીભાઈ |
| કીડી | મોહનભાઈ વીરાભાઈ |
| " | વાલજીભાઈ કુબેરભાઈ |
| સતાપર | ખોડાભાઈ ગોરાભાઈ |
| " | મોતીભાઈ પમાભાઈ |
| ચંદ્રાસર | દેવશીભાઈ ભીખાભાઈ |
| સુરવદર | કાનજીભાઈ મનજીભાઈ |
| હામપર | ગોંડાભાઈ રેવાભાઈ |
| ધુમઠ | નારણભાઈ પુંજાભાઈ |
| " | ભીખાભાઈ ડાયાભાઈ |
| પાંડાતીરથ | મોતીભાઈ ટપુભાઈ |
| માથક | નથુભાઈ વાલાભાઈ |
| " | ધીરાભાઈ જેઠાભાઈ |
| હરીપર | ગોવિંદભાઈ વશરામભાઈ |
| " | રઘુભાઈ ડાયાભાઈ |
| ચરાડવા | વિજુભાઈ મોતીભાઈ |
| કડીયાણા | જીવાભાઈ ખીમાભાઈ |
| વસાડવા | મોતીભાઈ મોહનભાઈ |
| દુદાપુર | દલાભાઈ રામાભાઈ |
| રાજપર | દલાભાઈ ડાયાભાઈ |



| | |
|---|---|
| માળવણ | હરખાભાઈ હમીરભાઈ |
| " | કાનાભાઈ ગાંડાભાઈ |
| " | જેમાભાઈ હરખાભાઈ |
| " | પમાભાઈ દાનાભાઈ |
| આજણવાવ | હરખાભાઈ દાનાભાઈ |
| " | નાનજીભાઈ બીજલભાઈ ચાવડા |
| એંજાર | પુંજાભાઈ રામાભાઈ |
| " | વાલાભાઈ બુટાભાઈ |
| રાતાભેર | મનજીભાઈ મૈસુરભાઈ |
| ગોલાસણ | ગલાભાઈ ખોડાભાઈ રાઠોડ |
| " | કેશાભાઈ ખાનાભાઈ રાઠોડ |
| કુડા | દાનાભાઈ મેઘાભાઈ સેખાવા |
| ઘનશ્યામપુર | રાજાભાઈ આલાભાઈ રાઠોડ |
| વાવડી | માલાભાઈ ડાયાભાઈ પરમાર |
| " | તીકુભાઈ તળશીભાઈ પરમાર |
| " | ભલાભાઈ ગાંડાભાઈ પરમાર |
| રાયસીંગપર | લવજીભાઈ ગોવિંદભાઈ |
| ભારદ | દેવજીભાઈ જેઠાભાઈ ચાવડા |
| " | ડાયાભાઈ ઉકાભાઈ ચાવડા |
| રાજ-ચરાડી | જગજીવનભાઈ કરશનભાઈ |
| ભાવળી | બોદાભાઈ ધનાભાઈ પરમાર |
| " | જીવણભાઈ છગનભાઈ રાઠોડ |
| " | વશરામભાઈ મંગાભાઈ રાઠોડ |
| નવારાયસીંગપર | વાઘજીભાઈ રામાભાઈ રાઠોડ |
| જુના-દેવળીયા | મુળજીભાઈ જેઠાભાઈ સોલંકી |
| સડલા | પુંજાભાઈ દાનાભાઈ |
| " | લખાભાઈ હમીરભાઈ |
| " | શીવાભાઈ પીતાંબરભાઈ |
| ખંપાળીયા | બેચરભાઈ તળસીભાઈ |
| " | નાનજીભાઈ દેવાભાઈ |

## બંધારણીય કમીટીના મેમ્બરોની યાદી (૪૭)

| | |
|---|---|
| ધ્રાંગધ્રા | પુંજાભાઈ તળસીભાઈ |
| " | દેવજીભાઈ અમરાભાઈ |
| " | આલજીભાઈ અમુભાઈ |
| " | અમુભાઈ પમાભાઈ |
| " | મોહનભાઈ કરશનભાઈ |
| હળવદ | અરજણભાઈ દેવાભાઈ |
| " | છગનભાઈ મનજીભાઈ |
| " | હરીભાઈ ડાયાભાઈ |
| " | પુંજાભાઈ મીઠાભાઈ |
| રાજસીતાપુર | પ્રેમજીભાઈ કેશરભાઈ |
| " | બાબુલાલ કાળુભાઈ |
| " | ધુડાભાઈ દેવાભાઈ |
| કોંઢ | ગણેશભાઈ તળશીભાઈ |
| " | છનાભાઈ મોતીભાઈ |
| " | ભલાભાઈ મુળાભાઈ |
| અ'વાદ | મોહનભાઈ ગલાભાઈ |
| " | બીજલભાઈ માવજીભાઈ |
| " | રૂપાભાઈ જેઠાભાઈ |
| " | નારણભાઈ ધુડાભાઈ |
| " | કેશુભાઈ માવજીભાઈ |
| " | ઉકાભાઈ દલાભાઈ |
| " | મોહનભાઈ બેચરભાઈ |
| " | મોહનભાઈ ધનાભાઈ |
| " | ભવાનભાઈ લધુભાઈ |
| રણનીટ્રીકર | તળસીભાઈ દલાભાઈ |
| સુસરાવ | બાબુલાલ રામજીભાઈ |
| કીડી | મોહનભાઈ વીરાભાઈ |

| | | | |
|---|---|---|---|
| વેગડવાવ | ગણેશભાઈ દાનાભાઈ | ભારદ | દેવજીભાઈ જેઠાભાઈ |
| દેવળીયા | મુળજીભાઈ જેઠાભાઈ | અંકેવાળીયા | રેવાભાઈ વસ્તાભાઈ |
| માથક | નથુભાઈ વાલાભાઈ | સડલા | પુંજાભાઈ દાનાભાઈ |
| માળવણ | કાનાભાઈ ગાંડાભાઈ | રાંપરા | પુંજાભાઈ ગોવાભાઈ |
| વાવડી | માલાભાઈ ડાયાભાઈ | વેલાળા | આલાભાઈ ભીમાભાઈ |
| સોલડી | મોહનભાઈ મોતીભાઈ | રાવળીયાવદર | મનજીભાઈ ભોજાભાઈ |
| કંકાવટી | રામજીભાઈ જેઠાભાઈ | કણબાદ | નથુભાઈ મોતીભાઈ |
| ધરમઠ | ભીખાભાઈ ડાયાભાઈ | એંજાર | વાલાભાઈ બુટાભાઈ |
| નગરા | ગોવિંદભાઈ મુળાભાઈ | રણમલપુર | કાનાભાઈ પુંજાભાઈ |
| ભદ્રેશી | ખાનાભાઈ ટાભાભાઈ | ભરાડા | પાલાભાઈ રામાભાઈ |

## શ્રી સંત શિરોમણી રોહિદાસ મહારાજની જય

### ભારત રત્ન ડૉ. આંબેડકરની જય

ધરી સિર સંત રોહિદાસના ચરણમાં
કરીએ અમે સાથે મળી આ પ્રતિજ્ઞા ॥
કરીશું ગણેશ સ્થાપન પરંતુ સાદગીથી
હોય સગપણ કે સાંધા તેમાં પાંચથી વધુ નહી ॥
ચાંલ્લા કેરા પ્રસંગે સાત મહેમાનો તો ઘણા
વિવાહના તોરણે ભાઈઓને આશિષ અંતરનાં ॥
જાન જોડીશું જાડેરી, સૌ કોઈ સાથે રહી
જેમાં જાનૈયા એકયાશીથી તો વધુ નહી ॥
મોસાળીયા ભરસે મામેરા થશે તેમની નામના
ગમે તે મામેરે અમારી પાંચ મામેરીયાની કામના ॥
આણા કેરો અવસર ઉકલશે બે વ્યક્તિઓ થકી
સીમંતકેરા અવસરીયે જરૂર છે સાત બૈરાંઓ તણી ॥
હોય પ્રસંગ છૂટાછેડાનો કે પછી ઘરઘણાનો
નાતે કરેલ ઠરાવ ને કોઈએ નથી ઓળંગવાનો ॥
હોય મરણ પચાસથી નાનુ, તેનુ બારમુ કોણ ખાવાનું ?
આજે તે ગયા જે રસ્તે કાલે આપણે પણ ત્યાં જવાનું ॥
કાચુ સગપણ જે તોડે કે બીજી કન્યા લઈને દોડે,



સવેલી કન્યાને દોરે તેને નાત ક્યાંથી છોડે ?
અવસરે જો કરીએ યાદ નાત સદા છે તૈયાર
એના ફાળામાં રહીશું હર હંમેશ અને ઉદાર ॥
હિસાબ નાત કેરો રાખીશુ ચોખ્ખો ચણાક,
એમાં કરી ગરબડ તો ઉતરે સંત કેરો શાપ ॥
આ છે અમારૂ પ્રણ તે નિભાવીશું દઈ જાન
ભલે થાય થોડી અડચણ તેમાં નહી અનબન ॥
ભાગ્યના ભરોસે બેસી રહેવાય નહી
સંત રોહિદાસ મળે, જિંદગી એળે જાય નહીં ॥
રણમાં વીરડીની જેમ નાત ધારો હોય તો રહે
લગ્ન જીવનમાં કોઈ સપનું વિસરાય નહીં ॥
ગમન આગમનનો ખેલ છે ભાઈ અનેરો,
કરવા વિવાહ તો ખેલ બીજો ખેલાય નહી ॥
તીર છુટયું કમાનમાંથી જે પાછુ કરતુ નથી
નાત ધારો ટકાવવામાં કદી પાછુ પગલુ ભરાય નહી ॥
યશ કીર્તી સંતોષ એ જ આનંદ છે.
અંધારા મારગમાં આડુ અવળુ દોડાય નહી ॥
સંત શીરોમણી છે લાંબુ જીવન અનમોલ
જો જો નાત ધારો એમજ કરમાય નહી ॥
વહેતુ રહેશે જીવન તમારુ સંત શીરોમણીની જેમ
સચવાય તેટલુ સાચવજો પછી જીવન એળે જાય નહી ॥
નથી કોઈ આપણુ નથી રહેવાના આપણે
નાત ધારાની સંગે, કલમ એકય ભૂલાય નહીં ॥
માન અપમાનની છે બધી ખોટી મોહ માયા,
નાત ધારાના સથવારે બીજુ કંઈ જોવાય નહીં ॥
જાન કરજો મજબૂત તો વધશે આશાં,
વિશ્વાસમાં હશે શ્રધ્ધા, તો નિરાશ થવાય નહીં ॥
નહી તોડીયે નાત ધારો અમે
કસમ છે અમોને નવસો નાતની દેવી કેરી ॥

# આભાર દર્શન

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

આપણા ઝાલાવાડ પરગણાનું છેલ્લે ઘડાયેલ બંધારણને ૩૦ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયેલ હોઈ તેમજ આ સમય ગાળા દરમ્યાન આવેલ પરિવર્તન અને બદલાયેલ પરિસ્થિતિ તેમજ વધતી જતી મોંઘવારી વગેરે જોતાં તેમાં જરૂરી સુધારા-વધારા કરવાની તાતી જરૂરીયાત હોઈ સૌ જ્ઞાતિબંધુઓના મનમાં બંધારણ સુધારાણાની વાત હતી, તેવા સમયે અમદાવાદ શહેરના આપણા પરગણાના આગેવાનોએ આ વિચારને મુર્તિમંત કરવા ભારે જહેમત ઉઠાવી. સમાજનું સંગઠન કરી સારી એવી રકમનો ફાળો એકત્રીત કરી આ ભગીરથ કામ પાર પાડવામાં આવેલ. સાથ અને સહકાર બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

ગ્રામ્ય વિસ્તારના દરેક ગામના જ્ઞાતિબંધુઓએ પણ આ કાર્યમાં ખૂબ સાથ સહકાર અને ફાળો આપી તેમજ દુર દુર થી ધ્રાંગધ્રા મુકામે પધારી સંમેલનને સફળ બનાવવામાં આપેલ સહકાર બદલ તેમનો પણ ખૂબ ખૂબ આભાર.

આપણા પરગણાના આપ સૌ નાતીલા ધ્રાંગધ્રા મુકામે પધારી નાત-ગંગાના દર્શનનાં લ્હાવો અમોને આપી આપ સૌની સેવા કરવાની તક આપી અને ઘણા વર્ષોની આપણી આશા પાર-પાડી તે બદલ નામી-અનામી-નાના-મોટા સૌ કાર્યકરોએ આપેલ સાથ સહકાર બદલ આ તબક્કે તેમનો પણ આભાર માનીએ છીએ.

અમારી સેવામાં કાંઈ ઉણપ રહી ગઈ હોય તો દરગુજર કરવા નમ્ર વિનંતી છે.

આભાર

ધ્રાંગધ્રા

તા. ૧૪-૩-૦૫



ધ્રાંગધ્રા સમસ્ત પંચ તથા
જ્ઞાતિબંધુઓ, ધ્રાંગધ્રા

શિક્ષિત બનો... સંગઠીત બનો... સંઘર્ષ કરો...



ભારત રત્ન પદ્મભૂષણ
ડૉ. બાબા સાહેબ આંબેડકર